# Day to Day Carrent Affairs

૧૯ જાન્યુઆરી-૨૦૧૫ સોમવાર

૧) બજ એલ્ડ્રીન :

- ચંદ્ર પર જનાર નીલઆર્મ સ્ટ્રોંગના સાથી.
- કેલિફોર્નિયામાં લિવિંગ લિજેન્ડ ઓફ એવિએશન એવોર્ડથી સન્માનિત સરવામાં આવ્યા.

૨) HDFC : Housing Devlopmentb Finance Corporation. ( બેન્ક ) :

- વિશ્વની ૫૦ શ્રેષ્ઠ બેન્કોમાં HDFC બેન્કને સામેલ કરાઇ.
- સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ૫૧માં સ્થાને છે.
- જ્યારે ખાનગી ક્ષેત્રની ICICI બેન્ક ૫૫માં ક્રમે છે.

૩) સિંહની વસ્તી ગણતરી : ૧૪મી.

- એશિયાટીક સિંહ પ્રજાતીની વસ્તીનો અંદાજ મેળવવા દર પાંચ વર્ષે વન વિભાગ દ્વારા ગણતરી થાય છે.
- આ વસ્તી ગણતરી પાંચ જીલ્લાઓમાં કરવામાં આવે છે. જેમાં, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર સહિત પાંચ જીલ્લાઓનો સમાવેશ થાય છે.
- એશિયાટીક સિંહોની દર પાંચ વર્ષ કરવામાં આવતી ગણતરી એપ્રિલમાં અંતિમ અઠવાડીયામાં કે મે મહિનાનાં પ્રથમ અઠવાડીયામાં આકરા ઉનાળામાં કરવામાં આવે છે.
- ૨૦૧૦માં ૧૩મી ગણતરી થઇ હતી અને હવે ૨૦૧૫માં 2 મે થી 5 મે સુધી ચાર દિવસ ૧૪મી સિંહ વસ્તી ગણતરીનો કાર્યક્રમ જાહેર થયો.
- ૨૦૧૦માં સિંહોની વસ્તી ૪૧૧ હતી.

૪) મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી : વડોદરા

- કેન્દ્ર સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા યુનાઇટેડ નેશન્સના એકેડેમીક વિભાગની મેમ્બરશીપ માટે એમ.એસ.યુનિવર્સિટીનું નામ પંસદ કરવામાં આવ્યું.
- યુ.એન દ્વારા તાજેતરમાં એમ.એસ.યુનિવર્સિટીને યુનાઇટેડ નેશન્સ એકેડેમીક ઇમ્પેક્ટની મેમ્બરશીપ એનાયત કરી.

www.vivekanandacademy.org

૫) **અમરાપુર ગામ : તાલુકો માણસા જિલ્લો – ગાંધીનગર**

- ગુજરાત રાજ્યનો સૌપ્રથમ મોડેલ LED ગામ.
- સરપંચ : રઇબેન શંકરભાઇ ચૌધરી

૬) **ડી વિલિયર્સ : સા.આફ્રિકા**

- ડી વિલિયર્સે ૧૬ બોલમાં અડધી સદી સાથે ફાસ્ટેસ્ટ અડધી સદીનો જયસુર્યાનો (૧૭ બોલ) ૨ એપ્રિલ ૧૯૯૬ ના રોજ પાકિસ્તાન સામે સિંગાપોરમાં નોધાયેલો વર્લ્ડ રેકોડ તોડ્યો.
- ડી વિલિયર્સે ૩૧ બોલમાં ફાસ્ટેસ્ટ સદીનો ન્યુઝિલેન્ડના કોરી એન્ડરસનનો (૩૬ બોલ) ૧ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ વિન્ડિઝ સામે ક્વિન્સલેન્ડમાં નોંધાયેલો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.
- ડી વિલિયર્સે ઇનિંગમાં ૧૬ છગ્ગા સાથે ઇનિંગમાં સૌથી વધુ છગ્ગાનો ભારતના રોહિત શર્માના (૧૬ છગ્ગા) 2 નવેમ્બર 2013ના રોજ ઓસ્ટ્રેલીયા સામે બેંગ્લોરમાં નોંધાયેલા વર્લ્ડ રેકોડની બરાબરી કરી.
- વન ડે ઇતિહાસમાં પહેલી વખત ઇનિંગમાં ટોચના ત્રણ બેટ્સમેનોની સદીનો નવો વિશ્વ વિક્રમ રચાયો.

  (અમલા - ૧૫૩ નોટઆઉટ, રોસોયુ - ૧૨૮, ડી વિલિયર્સ - ૧૪૯)
- ડી વિલિયર્સે આ રેકોર્ડ સા.આફ્રિકાના જોહનિસબર્ગના વાન્ડર્સ મેદાન પર વિન્ડિઝ સામે કર્યો હતો. (૪૪ બોલમાં ૧૪૯ રન)
  - આ મેચમાં સા.આફ્રિકાના ૪૩૯ રન નોંધાયા હતાં.

www.vivekanandacademy.org